ગાંધીનગર સમાચાર

શહેરમાંથી વધુ ૨ ડેન્ગ્યુના કેસ મળ્યા

# વરસાદી વાદળો વિખેરાતા ગરબામાં જમાવટ

## નવરાતના પ્રારંભ બાદ પ્રથમવાર સુરજદાદાએ દર્શન દીધા : ગરબાની રમઝટ જામી : નવરાત્રિના અંતિમ ચરણમાં વરસાદનુ વિઘ્ન દુર થતા : ખેલેયાઓમાં ઉત્સાહનુ મોજુ : મનભેર ગરબે ઘુમવાનો થનગનાટ

ગાંધીનગર તા ૭

નવરાતના પ્રારંભથી આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો દુર હટતા ખૈલેયાઓ મુડમાં આવી ગયા છે. શરૂઆતના પાંચ દિવસ વરસાદી માહોલ વચ્ચે ગરબાની રમઝટ જામી હતી. વરસાદી સમસ્યાઓ વચ્ચે પણ ખેલેયાઓ હાથમાં છત્રી રાખી ગરબે ઘુમ્યા હતા.

નવરાત્રિ મહોત્સવ અંતિમ ચરણ તરફ છે. ત્યારે છેલ્લા ચાર નોરતામાં મનમુકીને ગરબે ઘુમવા નવયૌવન થનગની રહયુ છે. ગઈકાલે વરસાદે બઘડાટી બોલાવ્યા બાદ રાત્રિના ગરબાપ્રેમીઓએ ધુમ મચાવી હતી. જયારે છેલ્લા પાંચ દિવસથી ગોરંભાયેલા વરસાદી વાદળોએ આજે વિદાય લેતા નવરાત દરમિયાન પ્રથમવાર સુરજદાદાના દર્શન થયા હતા. ઉઘાડ નિકળતા ગરબા મેદાનમાંથી પાણી ઓસરાયા હતા. વાતાવરણ ફેવરેબલ બનતા ખૈલેયાઓ પણ હવે બાકીના દિવસો મનભેર ગરબે રમવા ઉત્સુક છે. કલ્ચરલ ફોરમમાં છઠ્ઠા નોરતે ખેલેયાઓએ ગરબાની રંગત જમાવી હતી.

નવરાત મહોત્સવના પ્રારંભથી જ વરસાદી વાદળો ઘેરાયેલા રહેતા ગરબાપ્રેમીઓના ઉત્સાહનો ભંગ થયો હતો.આકાશમાં ઘેરાયેલા વાદળો ગાજવીજ સાથે વરસતા ગરબાના આયોજન સામે મોટુ વિઘ્ન ઉભુ થયુ હતુ. રોજ સાંજ ઢળતા ગાજવીજ સાથે વરસાદ હાજરી પુરાવી જતા ગરબા મેદાનમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળતો હતો.

જયારે આ સ્થિતિ વચ્ચે પણ ગરબાનુ આયોજન સફળ બનાવવા માટે આયોજકો તેમજ સ્વંયસેવકોની ટીમે ઉમદા કામગીરી નિભાવી ખૈલેયાઓનો ઉત્સાહ ટકાવી રાખવા ભારે મથામણ કરવી પડી હતી. ગઈકાલે પણ ગાજવીજ સાથે દોઢ ઈંચ વરસાદ ખાબકયા બાદ ગરબા મેદાનો બેટમાં ફેરવાયા હતા. જો કે સવારે મનમુકીને વરસેલા મેઘરાજાએ દિવસે વિરામ લેતા સાંજ ઢળતા ગરબા મેદાનને સજજ કરી દેવાયા હતા. ગઈકાલે વરસાદી ભય વચ્ચે પણ ગરબાની રમઝટ જામી હતી.

નવરાતના ૬ દિવસો વીતી ગયા છે. જયારે આ વખતે ૧૦ નોરતા હોવાથી ખૈલેયાઓ માટે હજુ પણ ચાર દિવસ ગરબે રમવાની ઉત્સુકતા છે. ત્યારે આજે વરસાદી વાદળોએ પણ વિદાય લેતા ગરબાપ્રેમીઓ માટે વાતાવરમ ફેવરેબલ બન્યુ છે. જેથી ખેલેયાઓ તેમજ ગરબાના આયોજકોનો ઉત્સાહ પણ બેવડાયો છે. નવરાતના મહત્વના પાંચ દિવસ સુધી રેઈની ગરબાની મજા લીધા બાદ હવે મોસમના સાનુકુળ મિજાજ સાથે ગરબાની મજા લેવા થનગની રહયા છે. પ્રારંભે પાંચ દિવસમાં વરસાદ વિલન બનતા હવે ભીજારો દુર થતા ખૈલેયાઓ બધુ વસુલી લેવાના મુડમાં છે. અંતિમચરણમાં પહોંચેલા નવરાત મહોત્સવના આડેથી વરસાદી વિઘ્ન દુર થતા ખૈલેયાઓમાં ઘેરાયેલા ચિંતાના વાદળો પણ વિખેરાઇ ગયા છે.

### ગરબાના સમયમાં વધુ એક કલાકની છુટ આપવા ખૈલેયાઓની માંગ

નવરાત્રિ મહોત્સવના પ્રારંભથી જ સતત વરસાદ વિલન બનતા ગરબાના આયોજકો તેમજ ખૈલેયાઓનો ઉત્સાહ પણ ઓસરી ગયો હતો. જો કે વરસાદના વિઘ્ન વચ્ચે પણ ખૈલેયાઓ ગરબાની મજા માંણી લીધી હતી. પરંતુ આકાશમાં વરસાદી વાદળો અને ગાજવીજ વચ્ચે સતત વરસાદનો ભય અનુભવતા ગરબાપ્રેમીઓમાં નિરાશા વ્યાપી હતી. નવરાત્રિના દશ દિવસો હોવાથી ખૈલેયાઓનો ઉત્સાહ બેવડાયો હતો. પરંતુ વરસાદ વિલન બનતા નવરાતની મજા બગડી હતી. રોજબરોજ કાદવ કિચ્ચડ વચ્ચે ગરબા મેદાનમાં વરસાદી પાણી ઉભરાતા ગરબાના આયોજકો માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો હતો. બીજીતરફ વરસાદી વાયરા વચ્ચે પણ સમયની પાબંદીના લીધે ખૈલેયાઓને ગરબા રમવાનો પુરતો અવસર જ મળ્યો નથી. આ સ્થિતિને ધ્યાને લઈ ગરબાના સમયમાં વધુ એક કલાકની છુટ આપવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



### કલ્ચરલ ફોરમમાં શક્તિની સાથે દેશભકિતનો રંગ પણ નિખર્યો

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં વરસાદી માહોલમાં પણ ગરબાની રમઝટ યથાવત છે. વરસાદી વિઘ્ન વચ્ચે પણ સેકટરોની શેરીઓમાં સાંજ ઢળતા જ ઢોલના ધબકારે રહીશો ગરબે ધુમે છે. જો કે હવે વરસાદે વિરામ લેતા ખૈલેયાઓનો ઉત્સાહ બેવડાયો છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ કલરફુલ ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ નવયૌવન ગરબાના અવનવા સ્ટેપ્સ સાથે ગરબાની ધુમ મચાવે છે.

છઠ્ઠા નોરતે દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કરના સંગીત વૃંદ સાથે ખૈલેયાઓ મનમુકીને ગરબે ધુમ્યા હતા. ગરબા મેદાનમાં વરસાદી વાતાવરણ વચ્ચે ફ્રી સ્ટાઈલ ગરબાની રમઝટ જામી હતી. જયારે મંચ પરના કલાકારોએ પણ થોડીવાર માટે માત્ર વાંજીત્રોનો જ ઉપયોગ કરતા ગરબા પ્રેમીઓને મોજ પડી હતી.

# ભાજપ-કોંગ્રેસની વાતચીતો નિષ્ફળ જતાં આયોજન સમિતિની ૧૮મીએ ચૂંટણી યોજાશે

## પંચાયતની ૧૬ બેઠક માટે ૧૮ ઉમેદવારો, નગરપાલિકાની ૪ બેઠક માટે ૮ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની વીસ બેઠકો માટેનો ચૂંટણી જંગ આજે વાટાઘાટો ભાજપ કોંગ્રેસની પડી ભાંગતા નિશ્ચિત બન્યો છે.

જિલ્લા પંચાયતની ૧૬ બેઠકો માટે ૧૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. તો નગરપાલિકાની ૪ બેઠકો માટે ૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ભાજપે પંચાયતની ૧૬ બેઠકો માટે ઉભા રાખેલા પાંચ પૈકી ૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા છે જ્યારે નગરપાલિકાની ૪ બેઠકો માટે એક ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછુ ખેંચ્યુ છે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી પંચાયતમાં વહેલી સવારથી રાજકીય ગરમાવો જોવા મળતો હતો. ભાજપ-કોંગ્રેસના નેતાઓ વચ્ચે વાતચીતો છેલ્લી ઘડી સુધી ચાલુ રહી હતી પરંતુ છેલ્લે વાતચીતો નિષ્ફળ જતાં ચૂંટણી જંગ નિશ્ચિત બન્યો છે.

આજે વાતચીતોને આખરી ઓપ આપવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી પણ પંચાયત કચેરીએ આવી પહોંચ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના જૂથના સભ્યો એક બેઠકને ભાજપને ફાળવી સૌનો સાથ સૌનો વિકાસ સાકાર કરવાના મૂડમાં હતા. જો કે કોંગ્રેસનું બીજુ જૂથ નગરપાલિકામાં ભાજપ કોંગ્રેસને એક બેઠક ફાળવે તેવી શરતો મુકાઈ હતી. આ વાતચીતો ચાલુ રહી હતી પરંતુ બન્ને પક્ષોમાંથી કોઈએ કશુ જતુ નહિ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી વધુ ૨ ડેન્ગ્યુના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ બે ડેન્ગ્યુના કેસ મળી આવ્યા છે. સે. ૧૨ અને સે. ૧૫માંથી આ બે કેસ મળી આવતાં શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૪૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આજે મળી આવેલા બન્ને દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ ત્રણેક દર્દીઓ મળી આવ્યાનું જાણવા મળેલ છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ખાનગી દવાખાનાઓમાં પણ દર્દીઓ વધી રહ્યા છે. તંત્ર દ્વારા શહેરમાં એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે. શહેરમાં આ વખતે નવા સેક્ટરોમાંથી ડેન્ગ્યુના દર્દીઓ વધુ મળી રહ્યા છે. આ ઉપરાંત પુરૂષ દર્દીઓ પણ મોટી સંખ્યામાં મળી રહ્યાં છે. ડેન્ગ્યુના કેસોમાં થઈ રહેલા વધારાને પગલે તંત્રમાં ચિંતાની લાગણી સાથે દોડાદોડી વધી જવા પામી છે. છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા વરસાદને પગલે એડીસ મચ્છરોના પોરા પણ વધી રહ્યા છે. પાણી ભરાઈ રહેવાની બનતી સ્થિતિએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે તેમ જાણવા મળેલ છે.

# રૂપાલ પલ્લીના મેળાને લઈ સફાઈ અભિયાન હાથ ધરાયુ

## પલ્લીના મેળામાં પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે પણ કડક હાથે કામ લેવા અધિકારીઓને કડક સુચના

ગાંધીનગર, તા. ૭

જિલ્લાના પ્રસિદ્ધ મંદિર વરદાયિની માતાના પલ્લીના મેળાના આયોજનને ધ્યાને રાખી તંત્ર દ્વારા આજથી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

રૂપાલના આ સફાઈ અભિયાનની આજે જિલ્લાના અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લઈ અને સમીક્ષા પણ કરી હતી. મંદિર પરિસરથી લઈ અને ગામમાં હાથ ધરાયેલ આ સફાઈ અભિયાન દરમ્યાન પાંચ ટ્રેક્ટરથી પણ વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

દરમ્યાન પલ્લીના મેળામાં પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે પણ કડક હાથે કામ લેવા તંત્રના અધિકારીઓને કડક સુચના આપવામાં આવી છે. પાંચથી વધુ ટીમો બનાવી નકલી ઘીનું વેચાણ ના થાય તેના પર પણ સતર્કતાથી નજર રાખવામાં આવનાર છે.

પલ્લીના મેળાને લઈ તંત્રએ ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનું પણ મન બનાવી લીધેલ છે. આ મેળાની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આરોગ્ય તંત્ર પણ શનિવાર સાંજથી ૨૪X૭ ઓ.પી.ડી. અને પ્રા.આ. કેન્દ્ર કાર્યરત કરી દેશે. આ ઉપરાંત ગામમાં પાણીનું ક્લોરીનેશન સહિતની કામગીરી પર પણ ખાસ નજર રાખશે.

# ૧૦મીએ જિલ્લાની શાળાઓની નાટ્ય સ્પર્ધા કડી સંકુલમાં યોજાશે

ગાંધીનગર, તા. ૭

૧૦મી ઓક્ટો.ના રોજ એનસીઈઆરટી અને રાજય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાની માધ્યમિક શાળાઓની નાટ્ય સ્પર્ધા 'કલા ઉત્સવ' અંતર્ગત યોજવામાં આવેલ છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ખીમજી જેસંગ હોલમાં આ નાટ્ય સ્પર્ધાને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ખુલ્લી મુકશે. સવારે નવ વાગે શરૂ થનાર આ નાટ્ય સ્પર્ધામાં જે.કે. ગઢવી અતિથિ વિશેષ તરીકે હાજર રહેનાર છે.

આ નાટ્ય સ્પર્ધામાં વિજેતા થનાર ટીમને પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવશે. લાંબા સમય બાદ જિલ્લામાં નાટ્ય સ્પર્ધા શાળાઓની યોજાઈ રહી હોવાથી શિક્ષણજગતમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com